# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર.

**Accredited Grade "A" by NAAC (CGPA 3.28)**

## સેનેટની ચૂંટણી અંગેની જાહેરાત

આથી જાહેર કરવામાં આવે છે કે, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી ધારાની કલમ-15(1) વર્ગ-2(એ)(i) અન્વયે ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીની સેનેટ પર સંલગ્ન કોલેજોના શિક્ષક વિભાગ (આચાર્ય સિવાય)ની જગ્યાઓ માટેની આગામી ચૂંટણી અંગેનો કાર્યક્રમ નીચે મુજબ છે.

| અનુ. નં. | મતદાર વિભાગ | જગ્યાઓ | ઉમેદવારી પત્રકો સ્વીકારવાની છેલ્લી તારીખ તથા સમય | ઉમેદવારી પત્રકોની ચકાસણીની તારીખ તથા સમય | ઉમેદવારી પત્રક પાછા ખેંચવાની તારીખ તથા સમય | ચૂંટણીની તારીખ |
|---|---|---|---|---|---|---|
| 1 | સંલગ્ન કોલેજોના શિક્ષકોનો મતદાર વિભાગ (આચાર્ય સિવાય) (Teachers Constituency) | 4(ચાર) | 09-10-2017 સાંજના 4-00 વાગ્યા સુધી | 10-10-2017 સાંજના 4-00 વાગ્યે | 11-10-2017 સાંજના 4-00 વાગ્યા સુધી | 12-11-2017 |

2. આ જગ્યાઓ ઉપર જેઓના નામ સંબંધિત મતદાર વિભાગની મતદાર યાદીમાં હશે, તેઓ ઉમેદવારી કરી શકશે.
3. ઉમેદવારી પત્રકો નિયત કરેલા ફોર્મમાં હોવા જોઈએ અને તેમાં ઉમેદવાર તેમજ બે મતદારો કે જેમને મત આપવાનો અધિકાર છે, તેમની સહી, તેમના પુરાં નામ, જો કોઈ પદવી હોય તો પદવી, તેમના પુરા સરનામા અને હોદા હોવા જોઈએ.
4. ઉમેદવારી પત્રક પર પોતાની સંમતિ દર્શાવ્યા વગર કોઈપણમતદાર ચૂંટણીમાં ઉમેદવારી કરી શકશે નહિં.
5. ઉમેદવારી પત્રક કોઈપણ મતદારને માંગણી કર્યેથી કાર્યાલયમાંથી વિનામુલ્યે મળી શકશે.
6. ઉમેદવારી પત્રકોની ચકાસણી વખતે ઉમેદવારો પોતે અગર તો તેમણે આ સંબંધમાં જેને લેખીત અધિકાર આપ્યો હોય તેવી વ્યકિતઓ હાજર રહી શકશે.
7. ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીની ધારાની કલમ-48 અનુસાર ઉપર્યુકત ચૂંટણીઓ "Proportional representation by means of a single transferable vote by ballot" ની પધ્ધતિ અનુસાર ગુપ્ત મતદાનથી કરવામાં આવશે અને આ મત પધ્ધતિ અનુસાર

   (1) પ્રત્યેક મતદારને એક સંક્રામ્ય (Transferable) મત આપવાનો અધિકાર રહેશે.

   (2) : **અ** : જે ઉમેદવાર માટે મત આપવામાં આવે તે ઉમેદવારના નામની સામે મતપત્રમાં મતદારે 1 દર્શાવવો આવશ્યક છે અને

   : **બ** : વધારામાં પોતાની પસંદગીના બીજા ઉમેદવારોના નામોની સામે 2,3,4,5 અને તે પછીની સંખ્યા ક્રમાંક પ્રમાણે દર્શાવી શકશે.
8. ચૂંટણીઓમાં હરીફાઈ થશે તો હરીફ ઉમેદવારો અંગેની માહિતી મતદારોને ઉમેદવારી પત્રકોની ચકાસણી પછી બનતી ત્વરાએ મોકલવામાં આવશે.

9. મતપત્રો નીચે જણાવેલ મતદાન મથકો ઉપર તા.12-11-2017 ના રોજ ચૂંટણીના દિવસે સવારના 8-00 થી સાંજના 5-00 વાગ્યા સુધી મતદારોને આપવામાંઆવશે.

| ક્રમાંક | સ્થળ | મતદાન મથક |
|---|---|---|
| (1) | અમદાવાદ | સરકારી અખંડાનંદ આયુર્વેદ મહાવિદ્યાલય |
| (2) | ભાવનગર | શેઠ જી. પ્ર. આયુર્વેદ મહાવિદ્યાલય |
| (3) | જામનગર | શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય |
| (4) | જુનાગઢ | સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય |
| (5) | નડીયાદ | શ્રી જો. શં. આયુર્વેદ મહાવિદ્યાલય |
| (6) | સુરત | શ્રી ઓ.હી. નાઝર આયુર્વેદ મહાવિદ્યાલય |
| (7) | વડોદરા | સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય. |
| (8) | વલ્લભવિદ્યાનગર | જી. જે. પટેલ આયુર્વેદ મહાવિદ્યાલય |

---

જામનગર.

તા.03-08-2017

(આર.એમ. ઝાલા)

કુલસચિવ